**UDHNA CITIZEN COMMERCE COLLEGE &**

**S.P.B. COLLEGE નો BUSINESS ADMINISTRATION &**

**SMT. DIWALIBEN HARJIBHAI GONDALIA COLLEGE નો BCA & IT**

---

**Class:T.Y.B.Com. (Sem. 5)**

**Subject: Advanced Accounting & Auditing 6**

---

# રોકડ પ્રવાહ પત્રક થિયરી

## 3.1 પ્રસ્તાવના :

ટૂંકાગાળાના આયોજન માટે રોકડપ્રવાહનું વિશ્લેષણ ખૂબ જ ઉપયોગી છે. ધંધાની સૌથી પ્રવાહી મિલકત જો કોઈ હોય તો તે રોકડ છે. કંપનીને નજીકના ભવિષ્યમાં થતાં દેવાંની ચૂકવણી કરવા, વ્યાજ અને અન્ય ખર્ચ ચૂકવવા, રોજબરોજના વ્યવહારો કરવા અને શેરહોલ્ડરોને ડિવિડન્ડ ચૂકવવા માટે પૂરતી રોકડની જરૂર પડે છે. આમ કંપનીના સમગ્ર વ્યવહારો રોકડની આવક કે જાવકમાંથી થાય છે. આમ કંપનીમાં રોકડની ઉપલબ્ધતા નક્કી કરવા માટે નજીકના ભવિષ્ય માટે રોકડની આવક અને જાવકનો અંદાજ મૂકી શકાય જેથી કરીને જરૂરિયાત કરતા વધુ પ્રમાણમાં રોકડ હાથ પર ન રહી જાય અને તેની નકારાત્મક અસર ધંધાની નફાકારકતા પર ન પડે. આમ રોકડની બાકી તેના સમયગાળા દરમિયાન કંપનીની રોકડની જરૂરિયાત સાથે મેળ ખાય છે અને તે પ્રમાણે જો ખાધ હોય તો તેને પહોંચી વળવા અથવા વધુ હોય તો તેનું યોગ્ય રોકાણ કરવા માટે વ્યવસ્થા કરી શકાય છે.

આમ રોકડપ્રવાહ પત્રક પાછલા વર્ષ દરમિયાન રોકડની કેટલી આવક થઈ અને કેટલી જાવક થઈ તથા વર્ષના અંતે કેટલી રોકડ બાકી (હાથ પર) રહી હતી તે દર્શાવે છે. આમ પત્રકમાં શરૂઆતની રોકડ સિલકમાં કુલ આવક ઉમેરવામાં આવે છે અને જાવક બાદ કરવામાં આવતા તેની આખરની બાકી રકમ મળે છે.

## 3.2 રોકડ પ્રવાહ પત્રક :

રોકડપ્રવાહનો અર્થ એ છે કે રોકડની આવક અને જાવક. એટલે કે રોકડના પ્રવાહ (સ્રોત)ની આવક કુલ રોકડની ઉપલબ્ધિમાં વધારો કરે છે. જે કંપનીના ઉપયોગમાં લેવાય છે. જ્યારે રોકડની જાવક એટલે કે રોકડનો વપરાશ એટલે કે તેમાં ઘટાડો થાય છે.

રોકડની આવક અને જાવક વચ્ચેનો તફાવત ચોખ્ખા રોકડપ્રવાહ તરીકે ઓળખાય છે. જે ચોખ્ખી રોકડની આવક અથવા ચોખ્ખી રોકડ જાવક હોઈ શકે છે. આમ રોકડપ્રવાહ પત્રક બનાવવાથી રોકડની પરિસ્થિતિનો ખ્યાલ મળે છે. કંપની ધંધાના આર્થિક વ્યવહારોને નિભાવવા માટે પૂરતા પ્રમાણમાં રોકડની વ્યવસ્થા છે કે કેમ એ જાણી શકે છે. જેથી જ્યારે જ્યારે ધંધાનાં દેવાં ચૂકવવાનાં થાય ત્યારે ચૂકવી શકાશે કે નહિ તે જાણી શકાય છે.

ઇન્ડિયન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા રોકડપ્રવાહ પત્રક માટે હિસાબી ધોરણ 3 (જૂનું) અને સુધારેલ ધોરણ Ind.As-7 મુજબ બધી જ કંપનીઓએ આનો ફરજિયાત અમલ કરવાનો થાય છે. આમ કંપનીઓએ તેમના વાર્ષિક અહેવાલમાં રોકડપ્રવાહ પત્રક દર્શાવવાનું રહે છે.

રોકડપ્રવાહ પત્રક નક્કી કરેલા ચોક્કસ સમયગાળા દરમિયાન ધંધાની કામગીરીની પ્રવૃત્તિ (Operating Activity), રોકાણ પ્રવૃત્તિમાંથી (Investing Activity) અને નાણાકીય પ્રવૃત્તિમાંથી (Financing Activity) ઉદ્ભવતા રોકડપ્રવાહની જાણ કરશે.

આ પત્રક પ્રવૃત્તિઓના વર્ગીકરણ દ્વારા કંપનીની નાણાકીય પ્રવૃત્તિઓમાં તેમજ રોકડ રકમ અને રોકડ સમકક્ષ પ્રવૃત્તિઓની અસરનું મૂલ્યાંકન કરવા દે છે. આ માહિતીનો ઉપયોગ તે પ્રવૃત્તિઓમાંના સંબંધોનું મૂલ્યાંકન કરવા માટે પણ થઈ શકે છે.

આમ, હિસાબી ધોરણ અનુસાર રોકડપ્રવાહને વર્ગીકરણ કરી નીચે પ્રમાણે ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

## રોકડપ્રવાહ પત્રકની પ્રવૃત્તિઓ

### 3.3 કામગીરીની પ્રવૃત્તિ (Operating Activities) :

કામગીરીની પ્રવૃત્તિઓને લીધે ઉદ્ભવતો રોકડપ્રવાહ એ ચાવીરૂપ પરિબળ છે. જેમાં ધંધાની કામગીરીમાંથી પૂરતી રોકડ ઉદ્ભવે જેનાથી ધંધાની કામગીરીની ક્ષમતા જાળવી રખાય, લોન પરત કરી શકાય, ડિવિડન્ડ ચૂકવી શકાય અને બાહ્ય સ્રોતોનો ઉપયોગ કર્યા વગર નવું રોકાણ કરી શકાય. આમ, ઐતિહાસિક કામગીરીને આધારે રોકડપ્રવાહના ચોક્કસ ઘટકો અંગેની માહિતીને આધારે ભવિષ્યનો રોકડપ્રવાહનો અંદાજ મેળવી શકાય.

ધંધાની કામગીરી અને પ્રવૃત્તિઓમાંથી મુખ્યત્વે તારવેલો રોકડપ્રવાહ ધંધાની મુખ્ય આવક ઉત્પાદન પ્રવૃત્તિઓમાંથી લેવામાં આવે છે. તેથી સામાન્ય રીતે નફો કે નુકસાન આવા વ્યવહારો અને અન્ય ઘટનાઓને આધારે પરિણમે છે.

કામગીરીની પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતા રોકડપ્રવાહના ઉદાહરણો આ પ્રમાણે છે :

(1) માલના વેચાણ અને પૂરી પાડવામાં આવતી સેવાઓ દ્વારા મળતી રોકડ મુખ્ય આવક છે

(2) રોયલ્ટી, ફી, કમિશન અને અન્ય આવકોમાંથી મળતી રોકડ આવક.

(3) માલ અને સેવા પૂરા પાડતા સપ્લાયરોને ચૂકવવામાં આવતી રોકડ.

(4) કર્મચારીને ચૂકવવામાં આવતી રોકડ.

(5) વીમા કંપનીને મળતી રોકડ કે ચૂકવાતી રોકડ માટે પ્રીમિયમ તથા દાવાઓ માટે, એન્યુઇટી માટે અને પોલીસીના અન્ય લાભ માટે.

(6) ઇન્કમટેક્સ માટે રોકડ ચૂકવણી કે તેના રિફંડ માટે ખાસ કરીને તે નાણાકીય અને રોકાણ પ્રવૃત્તિઓ માટે હોઈ શકે છે.

**નોંધ :** (1) કામગીરીની પ્રવૃત્તિને અંતે જે ધંધાકીય નફો (ચોખ્ખો નફો) મળે છે તે રોકડપ્રવાહ દર્શાવે છે. પરંતુ જો તેમાં બિનરોકડ વિગતોનો સમાવેશ હોય તો તેની અસરને એમાંથી દૂર કરવાની રહે છે.

(2) જો કોઈપણ ચાલુ મિલકત કે ચાલુ દેવામાં ફેરફાર થાય તો તેનાથી રોકડપ્રવાહમાં ફેરફાર થાય છે. આમ ચાલુ મિલકતમાં વધારો થાય તો રો.પ્ર.માં ઘટાડો થાય જ્યારે ચાલુ મિલકતમાં ઘટાડો થાય ત્યારે રો.પ્ર.માં વધારો થાય. આમ ચાલુ દેવામાં વધારો થાય ત્યારે રો.પ્ર.માં વધારો થાય છે. જ્યારે ચાલુ દેવામાં ઘટાડો થાય ત્યારે રો.પ્ર.માં ઘટાડો થાય છે.

### રોકાણની પ્રવૃત્તિઓ (Investing Activity) :

રોકાણ પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતો રોકડપ્રવાહ અલગ બતાવવો મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તે એવી રોકડપ્રવાહની હદ દર્શાવે છે. જે હેતુના સંશાધનો માટે કરવામાં આવેલ ખર્ચમાંથી ભવિષ્યની આવક અને રોકડપ્રવાહ ઊભા કરે છે. પાકા સરવૈયામાં દર્શાવેલ મિલકત કે જે માત્ર ખર્ચના હેતુથી કરવામાં આવેલ હોય તેવા ખર્ચને રોકાણની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરી શકાય. રોકાણ પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડપ્રવાહનાં ઉદાહરણો નીચે મુજબ છે :

(1) મિલકતો, પ્લાન્ટ, યંત્રો, અદૃશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની સંપત્તિ મેળવવા માટે ચૂકવેલ રોકડ. આ ચૂકવણીમાં મૂડીકૃત વિકાસખર્ચ અને સ્વતઃ (જાતે) નિર્માણ કરેલ મિલકતો પણ સમાવેશ કરવામાં આવે છે.

(2) મિલકતો, પ્લાન્ટ, યંત્રો, અદશ્ય મિલકતો અને અન્ય લાંબાગાળાની સંપત્તિના વેચાણમાંથી મળતી રોકડ.

(3) અન્ય કંપનીઓના શેર, ડિબેન્ચર કે ઋણ સાધનો ખરીદવા માટે કરેલ રોકડ ચૂકવણી.

(4) અન્ય કંપનીઓના ઇક.શેર, ડિબેન્ચર કે દેવાના સાધનોના વેચાણમાંથી મળેલ રોકડ આવક.

(5) અન્ય પક્ષોને આપવામાં આવેલ રોકડ ધિરાણ અને લોનની રકમ.

(6) અન્ય પક્ષોને આપવામાં આવેલ રોકડ ધિરાણ અને લોનની પરત મળતી રોકડ.

(7) ભવિષ્યના કરાર, વાયદાના કરાર, ઓપ્શન સોદાઓ અને ફેરબદલી (સ્વેપ) સોદાઓ માટે થતી રોકડની ચૂકવણી અથવા મળતી રોકડ.

### (3) નાણાકીય પ્રવૃત્તિઓ (Financing Activities) :

નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થતો રોકડપ્રવાહ એટલા માટે અલગથી બતાવવો મહત્ત્વપૂર્ણ છે કારણ કે મૂડી પૂરી પાડનાર દ્વારા ભવિષ્યમાં ઉદ્ભવતાં રોકડપ્રવાહ પરના દાવાઓનું અનુમાન કરવામાં સરળતા રહે છે. નાણાની પ્રવૃત્તિઓમાંથી થતાં રોકડપ્રવાહનાં ઉદાહરણો નીચે મુજબ છે.

(1) શેર અથવા અન્ય ઇક્વિટી સાધનો બહાર પાડવાથી મળતો રોકડપ્રવાહ.

(2) કંપનીના શેરને બાયબેક કરવા અથવા પરત કરવા માટે થતી રોકડ ચૂકવણી.

(3) ડિબેન્ચર, લોન, બોન્ડ્સ, ગીરોલોન અને અન્ય ટૂંકાગાળાના કે લાંબાગાળાના ઋણ દ્વારા ઊભો થતો રોકડપ્રવાહ.

(4) ઉછીના લેવાયેલા રકમની રોકડ ચૂકવણી.

(5) નાણાકીય પટ્ટાકરાર સંબંધિત જવાબદારીમાં ઘટાડો કરવા પટ્ટે લેનાર દ્વારા રોકડ ચૂકવણી.

### અન્ય વિગતો :

### વ્યાજ અને ડિવિડન્ડ :

કોઈપણ મળેલ અને ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડમાંથી થતાં રોકડપ્રવાહને અલગથી બતાવવો જોઈએ. નાણાકીય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવેલ વ્યાજ અને ડિવિડન્ડ મળેલ હોય તેમાંથી ઉદ્ભવતા રોકડપ્રવાહને તેની કામગીરીની પ્રવૃત્તિમાંથી થતાં રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. અન્ય સંસ્થાઓના કિસ્સામાં ચૂકવેલ વ્યાજના રોકડપ્રવાહને નાણાકીય પ્રવૃત્તિઓના રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. જ્યારે મળેલ વ્યાજ અને ડિવિડન્ડથી થતાં રોકડપ્રવાહને રોકાણની પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. ચૂકવવામાં આવેલ ડિવિડન્ડ નાણાકીય પ્રવૃત્તિઓના રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ.

ચૂકવેલ વ્યાજ, મળેલ વ્યાજ અને ડિવિડન્ડને સામાન્ય રીતે નાણાકીય સંસ્થાઓ કામગીરીની પ્રવૃત્તિમાંથી થતાં રોકડપ્રવાહ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેમ છતાં અન્ય કંપનીઓ માટે રોકડપ્રવાહના આ વર્ગીકરણ માટે સર્વસંમતિ નથી. કેટલીક દલીલો એવી છે કે ચૂકવેલ વ્યાજ અને મળેલ વ્યાજ અને ડિવિડન્ડ નફા-નુકસાન ખાતે લખાય છે, કારણ કે તે કામગીરીની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જોકે તે વધુ યોગ્ય છે કે તેમને નાણાકીય પ્રવૃત્તિ કે રોકાણ પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે કારણ કે તે નાણાકીય સાધનો મેળવવા અથવા રોકાણો પરની વળતરની કિંમત છે.

### આવક પરનો વેરો :

આવક પરના કરમાંથી ઉદ્ભવતો રોકડપ્રવાહ જુદો જાહેર કરવામાં આવશે અને કામગીરી પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવશે સિવાય કે આ રોકડપ્રવાહને નાણાકીય કે રોકાણ પ્રવૃત્તિઓ સાથે ખાસ કરીને ઓળખી શકાય.

જે વ્યવહારોમાં આવક પરના કરને લીધે રોકડપ્રવાહમાં વધારો થાય છે તે રોકડપ્રવાહના પત્રકમાં કામગીરી, રોકાણ અથવા નાણાકીય પ્રવૃત્તિઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. જ્યારે કરના રોકડપ્રવાહને એકથી વધુ વર્ગ પ્રવૃત્તિઓ પર ફાળવવામાં આવે છે ત્યારે ચૂકવેલી કરની કુલ રકમ જાહેર કરવામાં આવે છે.

**પેટા કંપનીઓ અને અન્ય ધંધાકીય એકમમાં માલિકી હિતમાં ફેરફાર :**

ગૌણ કંપનીઓ અને અન્ય ધંધામાં નિયંત્રણ મેળવવા અથવા ગુમાવવાથી થતાં કુલ રોકડપ્રવાહ અલગ અલગ રજૂ કરવામાં આવે છે, રોકાણની પ્રવૃત્તિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

આમ ગૌણ કંપનીઓ કે અન્ય ધંધામાં રોકડ કે રોકડ સમકક્ષ સંપત્તિ જેના પર અંકુશ મેળવ્યો હોય કે ગુમાવ્યો હોય તેને અલગ દર્શાવવો જોઈએ.

**બિનરોકડ વ્યવહારો :**

રોકાણ અને નાણાકીય વ્યવહારો કે જેમાં રોકડ અથવા રોકડ સમકક્ષનો ઉપયોગ કરવાની જરૂર નથી તેને રોકડપ્રવાહ પત્રકમાંથી બાકાત રાખવામાં આવશે. આવા વ્યવહારો નાણાકીય પત્રકોમાં એવી રીતે જાહેર કરવામાં આવશે કે જેથી આવા રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓ વિશેની તમામ માહિતી આપી શકાય.

ઘણા રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓ વર્તમાન રોકડપ્રવાહને સીધી અસર કરતી નથી. તે કોઈ કંપનીની મૂડી અને સંપત્તિ માળખાને અસર કરે છે.

**ઉદાહરણ :**

(1) સંપત્તિની ખરીદી સીધી સંબંધિત જવાબદારીઓ અથવા નાણાપટ્ટાના માધ્યમથી થઈ શકે.
(2) ઇક્વિટી શેરના ઈશ્યૂ (ભરણા) દ્વારા એકમનું સંપાદન.
(3) દેવાનું ઇક્વિટીમાં રૂપાંતર.

**અન્ય બાબતો દર્શાવવી :**

કંપની દ્વારા નોંધપાત્ર રોકડ કે રોકડ સમકક્ષની પુરાંત રાખી મુકવામાં આવે છે પરંતુ તેના ઉપયોગ માટે તે રકમ ઉપલબ્ધ નથી, તેવી બાબત કંપનીએ સંચાલક મંડળ સાથે રહીને સમીક્ષા કરવી જોઈએ. કંપની દ્વારા જુદા જુદા સંજોગોમાં પણ રોકડ કે રોકડ સમકક્ષ પુરાંતને ઉપયોગ માટે ઉપલબ્ધ કરી શકાતી નથી.

**3.4 રોકડ પ્રવાહ અને ભંડોળ પ્રવાહ પત્રકનો તફાવત :**

આમ બંને પત્રકો વચ્ચેના તફાવતના મુદ્દાઓ નીચે મુજબ છે :

**(1) રોકડ અને કાર્યશીલ મૂડીની સ્થિતિ :** રોકડપ્રવાહ પત્રકમાં મુખ્યત્વે રોકડ સંબંધિત થયેલા ફેરફારો જ ધ્યાનમાં લેવામાં આવે છે જ્યારે ભંડોળપ્રવાહ પત્રકમાં કાર્યશીલ મૂડી સાથેના ફેરફારો સંબંધિત વિગતો ધ્યાનમાં લેવામાં આવે છે.

**(2) ટૂંકા ગાળાની નાણાકીય વિશ્લેષણમાં ઉપયોગિતા :** રોકડપ્રવાહ પત્રક ટૂંકા ગાળાના નાણાકીય વિશ્લેષણમાં ભંડોળપ્રવાહ પત્રક કરતા વધુ ઉપયોગી ગણવામાં આવે છે. જ્યારે ભંડોળપ્રવાહ પત્રક લાંબાગાળાની નાણાકીય પરિસ્થિતિનું અવલોકન કરવા માટે ઉપયોગી છે.

**(3) પત્રક તૈયાર કરવાની પદ્ધતિ :** રોકડપ્રવાહ પત્રક અને ભંડોળપ્રવાહ પત્રક તૈયાર કરવાની પદ્ધતિ અલગ છે. ભંડોળપ્રવાહ પત્રકમાં ચાલુ દેવામાં વધારો અથવા ચાલુ મિલકતોમાં ઘટાડો ચોખ્ખી કાર્યશીલ મૂડીમાં ઘટાડો દર્શાવે છે અને વિપરીત પરિસ્થિતિમાં વધારો દર્શાવે છે. પરંતુ રોકડપ્રવાહ પત્રકમાં ચાલુ દેવામાં વધારો અથવા ચાલુ મિલકતોમાં ઘટાડો રોકડપ્રવાહમાં વધારો દર્શાવે છે અને વિપરીત સ્થિતિમાં ઘટાડો દર્શાવે છે.

**(4) કાર્યશીલ મૂડીમાં ફેરફારનું પત્રક :** ભંડોળપ્રવાહ પત્રક સામાન્ય રીતે કાર્યશીલ મૂડીમાં ફેરફારના પત્રક દ્વારા અનુસરવામાં આવે છે. જ્યારે રોકડપ્રવાહ પત્રક આવા કોઈ પત્રકને અનુસરતું નથી.

**(5) શરૂઆતની અને આખરની સિલક :** રોકડપ્રવાહ પત્રક બનાવતી વખતે રોકડની અને રોકડ સમકક્ષની શરૂઆતની અને આખરની સિલક ધ્યાનમાં લેવાય છે જ્યારે ભંડોળપ્રવાહ પત્રકમાં આવી કોઈ શરૂઆતની કે આખરની બાકી લેવાતી નથી.

**(6) કાનુની આવશ્યકતાઓ :** ભંડોળપ્રવાહ પત્રક તૈયાર કરવાની કોઈ કાનૂની જરૂરિયાત જણાતી નથી. જ્યારે (SEBI (સેબી) દ્વારા આવશ્યકતા મુજબ) રોકડપ્રવાહ પત્રક નોંધાયેલ કંપની દ્વારા Ind. AS-7 મુજબ બનાવવું આવશ્યક છે.

## 3.5 રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગિતા :

### (1) રોકડ આયોજનમાં ઉપયોગી :

રોકડપ્રવાહ પત્રક કંપનીનું રોકડભંડોળ પૂરું પાડવાની ક્ષમતાને આધારે સંચાલકો માટેની ઉપયોગિતા સાબિત કરે છે.

### (2) કામગીરી પ્રવૃત્તિમાંથી રોકડ પ્રવાહનું મૂલ્યાંકન :

રોકડપ્રવાહ પત્રક કામગીરીની પ્રવૃત્તિમાંથી ઊભી થતી રોકડ વિશેની માહિતીનું પ્રદાન કરે છે. જે કામગીરી પ્રવૃત્તિમાંથી ઊભી થતી રોકડ અને ચોખ્ખા નફા વચ્ચેની તફાવતની સમજૂતી આપે છે.

### (3) ડિવિડન્ડ ચૂકવણી :

ડિવિડન્ડ ચૂકવવાનો નિર્ણય માત્ર ચોખ્ખા નફા પર આધારિત ન હોઈ શકે. ડિવિડન્ડ વિતરણ માટે રોકડના સ્વરૂપમાં નફો ઉપલબ્ધ હોવો પણ એટલો જ જરૂરી છે. આમ કામગીરી પ્રવૃત્તિઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ રોકડ ડિવિડન્ડ જાહેર કરવા અંગે મહત્ત્વ ધરાવે છે.

### (4) રોકાણ અને નાણાકીય પ્રવૃત્તિઓમાંથી રોકડ પ્રવાહ :

રોકડપ્રવાહ પત્રક માત્ર કામગીરી પ્રવૃત્તિઓ દ્વારા ઉદ્ભવતી રોકડનું મૂલ્યાંકન નહીં પરંતુ બિનકામગીરી પ્રવૃત્તિઓ જેવી કે રોકાણની પ્રવૃત્તિઓ અને નાણાકીય પ્રવૃત્તિઓ દ્વારા પણ રોકડપ્રવાહની માહિતી પ્રદાન કરે છે. આ એકંદરે કંપનીની પ્રવાહિતા, સ્થિતિ અને રોકડની જરૂરિયાતોને પહોંચી વળવાની તેની ક્ષમતાને જાણવામાં સહાય કરે છે.

### (5) રોકડની અધિશેષ (ફાજલ) અને ખેંચ (તંગી)માટેનાં કારણો :

એક વ્યવસાય નફો કરી શકે છે અને રોકડની તંગી પણ હજી ભોગવી રહ્યો છે, તેવી જ રીતે વ્યવસાયમાં નુકસાન થઈ શકે છે અને બેંકમાં પૂરતી રોકડ હોઈ શકે છે. આ વિરોધાભાષી પરિસ્થિતિ છે જે રોકડપ્રવાહના પત્રક દ્વારા રોકડ સંતુલન કરી વધારા અને ઘટાડા માટેનાં કારણો જાણી શકાય છે.

## 3.6 રોકડ પ્રવાહ પત્રકની મર્યાદાઓ :

### (1) સંપૂર્ણ પુરાવારૂપ નથી :

નાણાકીય પત્રક સંપૂર્ણરૂપે પૂર્ણ નથી કારણ કે નાણાકીય પત્રકો પરંપરાગત રીતે નફા-નુકસાન ખાતું અને પાકા સરવૈયા પર આધારિત છે.

### (2) નવી બાબતની રજૂઆત નથી :

આ કોઈપણ નવી અથવા મૂળ બાબતની રજૂઆત કરતું નથી કે જે ધંધાની નાણાકીય સ્થિતિને વધારી કે ઘટાડી શકે. તેનું કાર્ય માત્ર અન્યત્ર દેખાતા નાણાકીય માહિતીને ફરીથી ગોઠવવાનું છે.

### (3) ઐતિહાસિક

ફેરફારોનું પત્રક અન્ય નાણાકીય પત્રકોની જેમ સ્વાભાવિક રીતે ઐતિહાસિક છે, જે નજીકના ભવિષ્ય માટે ભંડોળના સ્રોતો અને ઉપયોગના અંદાજને મેળવી શકતો નથી.

### (4) સુસંગત નથી :

રોકડમાં થતાં ફેરફારના અભ્યાસ કરતા ભંડોળમાં થતાં ફેરફારનો અભ્યાસ વધુ સુસંગત છે.

### (5) માળખાકીય ફેરફારોની જાહેરાત નથી :

આ પત્રક દ્વારા માળખાકીય ફેરફારોમાં ધંધાના નાણાકીય સંબંધોમાં કે પછી ચાલુ મિલકતો અને ટૂંકાગાળાના રોકાણોમાં મહત્ત્વની નીતિ પરિવર્તન જાહેર થતું નથી.

## 3.7 રોકડ પ્રવાહ પત્રકનો નમૂનો

......કંપનીનું

તા.......ના રોજ પૂરા થતા વર્ષનું રોકડપ્રવાહ પત્રક

| | વિગત | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|
| (1) | કામગીરીની પ્રવૃત્તિઓમાંથી રોકડપ્રવાહ | | |
| | કરવેરા અને અસાધારણ બાબતો પહેલાંનો ચોખ્ખો નફો | ---- | |
| | હવાલાઓ : | | |
| | → ઘસારો, વ્યાજ, ડિવિડન્ડ, વિદેશી વિનિયમમાં નુકસાન, અન્ય માંડી વાળેલ ખર્ચ | ---- | |
| | | ---- | |
| | → કાર્યશીલ મૂડીમાં થતા ફેરફારો : | | |
| | (+) સ્ટોકમાં વધારો | ---- | |
| | (+) લેણદારોમાં વધારો | ---- | |
| | (–) દેવાદારોમાં ઘટાડો | ---- | |
| | આવકવેરા પહેલાનો કામગીરીમાંથી મળતો રોકડપ્રવાહ | | ---- |
| | → ચૂકવેલ આવકવેરો | | ---- |
| | કામગીરીની પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (A) | | ---- |
| (2) | રોકાણ પ્રવૃત્તિઓમાંથી રોકડપ્રવાહ : | | |
| | → (–) કાયમી મિલકતો અને રોકાણોની ખરીદી | ---- | |
| | → (+) કાયમી મિલકતો અને રોકાણોનું વેચાણ | ---- | |
| | → (+) વ્યાજ અને ડિવિડન્ડની આવક | ---- | |
| | રોકાણ પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (B) | | ---- |
| (3) | નાણાકીય પ્રવૃત્તિમાંથી રોકડપ્રવાહ : | | |
| | → (+) નવા શેર/ડિબેન્ચર બહાર પાડવાથી | ---- | |
| | → (+) લાંબાગાળાની લોન લેવાથી | ---- | |
| | → (–) લાંબાગાળાની લોન પરત કરવાથી | ---- | |
| | → (–) ડિવિડન્ડ અને વ્યાજની ચૂકવણી | ---- | |
| | નાણાકીય પ્રવૃત્તિમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (C) | | ---- |
| | ત્રણેય પ્રવૃત્તિઓમાંથી થતો ચોખ્ખો રોકડપ્રવાહ (A+B+C) | | ----- |
| ઉમેરો : | શરૂની રોકડ સિલક / બેંક સિલક | | ---- |
| | આખરની રોકડ/બેંક સિલક | | ---- |